॥ૐ॥

શ્રી રામ લહરિ

લ્હેર ૧ લી.

લેખક,

પ્રભુલાલ પ્રીતમલાલ પઢિયાર ચોરવાડકર

રામવીણા, સંગીત ગીતા, સ્તોત્રપાઠકના લેખક.

મુ **સાસણ-ગીર.**

તથા

બ્હેન માણેક મદનજી

રામાજ્ઞા વિ૦ નાં લેખક.

મુ. **ભાવનગર** હાલ **કેશોદ.**

પ્રકાશક,

મિસ્ત્રી કલ્લા મૂળા

મુ. સરસાઇ-ગોંડળ.

સને ૧૯૧૬. પ્રથમાવૃત્તિ પ્રત ૧૦૦૦. સંવત ૧૯૭૨.

અમદાવાદ શાહાપુર, નવીપોળમાં આવેલા શ્રી **"પ્રજાહિતાર્થ મુદ્રાલય"**માં પટેલ **ડાહ્યાભાઇ દલપતરામે** છાપ્યું.

અમૂલ્ય.

અમૂલ્ય સ્વીકારનારાઓને ઇચ્છે તેણે ઇચ્છા મુજબ રકમ કર્ત્તા તરફ મોકલવી જેનો આવી રીતેજ સદુપયોગ થશે.

નિવેદન.

પ્રિય વાચક ! આ લઘુ પુસ્તક આપની સેવામાં રજુ કરતાં વિનંતિ કે—સરસાઇ તાબે ગોંડલના રહીશ પરમ ભગવદ ભકત મિસ્ત્રી કલ્લા મૂળા કે જેઓ અત્યારે વૃદ્ધાસ્થામાં છે અને પોતાનો વખ્ત ઇશ્વર ભકિત તથા પરોપકારનાં કાર્યો કરવામાં નિર્ગમન કરે છે તેમણે પોતાના સુપૂત્ર મી૦ ઠાકરશી દ્વારા આ પુસ્તકો માંહેલાં પદો ભકતજનોની સેવામાં સાદર કરવા શુભેચ્છા દર્શાવી તે સબંધીનો સઘળો ખર્ચ પોતે કરેલો છે જેથી લેખક આભાર માને છે.

તદન સાધારણ સ્થિતીમાંથી સારી હાલતમાં આવી ઇશ્વરપરાયણ રહી જન હિતાર્થે કાર્યો કરવાં એ કાંઇ સહજ નથી. ભકત મિસ્ત્રી કલ્લાભાઇએ પોતાનું જીવન વૃત એવી રીતે ચલાવી અત્યારે પરમ શાંતિ રૂપ ઇશ્વર ભકિતનો સ્વાદ ચાખે છે અને આવી રીતે બીજાઓને પણ ચખાડવા પ્રયત્નશીલ રહે છે તે ખરે ખર પ્રશંશનિય છે—અનુકરણિય છે.

લેખક પાસે હજુ પણ આવાં હજારેક ભજનોનો સમૂહ તૈયાર છે. કોઇ સદ્‌ગ્રહસ્થ પરોપકારાર્થે પ્રસિદ્ધ કરવા માગશે તો ખુશીથી ઉપકાર સાથે આપવામાં આવશે.

પ્રજાહિતાર્થ પ્રેસના મેનેજર મે. ડાહ્યાભાઇ દલપતરામે પરમ સૌજન્યતાથી ટુંક વખતમાં પુસ્તક તૈયાર કરી આપી આભાર કર્યો છે.

સાસણ-ગીર
શ્રીકૃષ્ણજન્માષ્ટમી
સંવત ૧૯૭૨.

પ્રભુલાલ પ્રીતમલાલ.

પૂજ્ય સ્વર્ગસ્થ માતા પ્રત્યે પ્રેમ પુષ્પાંજલિ.

ભુજંગી છંદ.

અહા ! ઓ ! જનેતા ! યશોદા ! યશાળી !
અરી સ્નેહ પુર્ણા સરિતા રસાળી,
શકીના અરે ! બાળ ખોળે રમાડી,
પુરા પ્રેમનો પાડ ભુલું ન માડી,
દઈ જન્મને પાંચ માસે અરે ! રે !
હરિ ધામ વ્હાલું કર્યું બાળથી તેં,
તથાપિ પુકારૂં બરાડી બરાડી. પુરા૦
નમાયું થયું જે જગે બાળ તેણે,
વધેલી વયે સંભળી વાત વેણે;
અને સ્વાત્મ દષ્ટે દીઠું જે અગાડી. પુરા૦
બધું દીઠ્ઠું મીઠ્ઠું ના વદાયે
મને ભાવતું વેણથી ના કથાયે;
પ્રતાપે તમારા ત્રુટી જાળ જાડી. પુરા૦
નહિ તો નમાલા બચ્ચામાંજ કયાંથી,
અરે ! હોય શકિત ન આવે કશાથી,
સ્વમાતા ! કૃપાએ દીવો તેં જગાડી. પુરા૦
રહી જકત બાપા તણે ધામ તેં તો,
કર્યું કામ કાજુ દીઠું ખાસ મેં તો,
બધાં વિઘ્ન બુરાં દીધાં તેં નસાડી. પુરા૦
ખરી પુત્ર પ્રીતિ પુરી દાખવીને,
કર્યાં કોડ પુરા શિશુ સાચવીને;

ખરૂં બાળ પોષ્યું ન માર્યું બગાડી. પુરા૦
અહો ! બાળ કાજે તજ્યું વિશ્વ આખું,
ખરો ત્યાગ તારો મધુ હુંજ ચાખું;
રસે રાચતો બોલતો રાડ પાડી. પુરા૦
રહી રામ ધામે સદા સ્નેહ સાંધી,
પદે રાખજે બાળને ખાસ બાંધી;
મણિરામમાં પ્રેમ દેજે લગાડી. પુરા૦

શું નટવર વસંત થૈ થૈ નાચી રહ્યો. એ રાગનાં પદો.

આજ રસીયા સંગાથે રાસ મંડળી રમશું
રાસ મંડળી રમશું પ્રભુજીના મનને ગમશું. આજ૦ ટેક.
વૃત્તિ શુન્ય વિહારમાં ટળશે ભિન્નાભિન્ન,
હું તું પર આનંદમાં, રચશું રાસ અભિન્ન;
રાધિકેશ પાદ પદમ પ્રીતે નમશું,
પ્રીતે નમશું હરિવર નમશે અમશું. આજ૦
પરાપારના દેશમાં, વિચરશું એકાંત,
અનુભવશું અદ્વૈતને, મસ મીઠી નિરાંત;
પ્રેમાબ્ધિ ડુબ્યાં ત્યાં શમને દમશું ?
શમને દમશું અભેદ ભેદે ભ્રમશું ? આજ૦
પ્રેમ જળે બુઝાવશું, વિરહાગ્નિની જવાળ,
તન્મયતાના રંગમાં, રેલાશુંજ રસાળ;
દાવાગ્નિ દ્વૈત દોષ દ્વંદ્વો દમશું.
દ્વંદ્વો દમશું ન લેશ ખોટો ખમશું. આજ૦

મન મોહન મન મંદીરે, માણિશું મણિરામ,
મોંઘી મૃગ મદ પ્રેમની, મૃગલી થશું અકામ;
સ્વાનંદે સ્નેહ સુધા સ્વાદે જમશું,
સ્વાદે જમશું અભાનતામાં ભમશું. આજ૦

આજ રસીયો અમસંગ રાસ રંગે રમશે,
રાસ રંગે રમશે સખી પદ કુંજે નમશે. આજ૦ ટેક.
રાસ મંડળે રંગમાં, રમશે રાસ રસેશ,
રસ બસ થાશું રંગમાં, ઉગશે રંગ દિનેશ;
ઇંદુ વૃંદાવન કુંજ ગગન ચડશે ગમશે,
ચડશે ગમશે સુધારસ રશ્મી વમશે. આજ૦
એકેક ગોપી મધ્યમાં એકેક રમશે કાન,
કાન ગોપી એકાંતમાં ઐકય રસે ગુલતાન;
પ્રીતિ રસ રેલ પ્રણય ધમની ધમશે,
ધમની ધમશે ન કલેશ કોના ખમશે. આજ૦
ગોપીજન વલ્લભ રૂપે, પ્રજળી પ્રેમ સ્વરૂપ,
સ્વયં સ્વાદ રૂપે થશે મન વાણી પણ ચૂપ;
પીશે રસ પ્રેમ પિયુષ પાકે જમશે,
પાકે જમશે પછી ના દુઃખે દમશે. આજ૦
ધમધમાટ ધન નાદમાં, ધ્વનિત થશે બ્રહ્માંડ,
રામ મણિ આનંદમાં, પુરો પ્રેમ રસકાંડ;
શાંતિ રસ છેલ વડે શોકો શમશે,
શોકો શમશે કહો કો ભેદે ભમશે. આજ૦

આજ રસીયા સંગાથે રાસ મંડળ રમીયાં,
રાસ મંડળ રમીયાં રસેશ પદમાં શમીયાં. આજ૦ ટેક.
કોણ રમ્યું કો સંગમાં, કો કોમાં ગુલતાન,
કો ઠેકાણે શા વડે, સઘળું ભાન અભાન;
સુખડાં સુબ્રહ્મ ભોજય ભાવ્યાં જમીયાં,
ભાવ્યાં જમીયાં ન ભાન દૂષો દમીયાં. આજ૦
પ્રેમ રસે નાહી ડુબ્યાં, અનંત કોટી અંડ,
ગળ્યાં જડે નવ ગોતતાં, ગોતે કો નવખંડ;
સાને સમભાવ શાંતિ રસમાં નમીયાં,
રસમાં નમીયાં અભાન ભાવે ભમીયાં. આજ૦
રસભર દૃષ્ટિ રસરૂપે, મચ્યો અખંડ વિલાસ,
ખલક સુરંગ મચી રહ્યો, ભાસ નહિ આભાસ;
વૃષ્ટિ રસ ધાર અભય સ્વાદે ખમીયાં,
સ્વાદે ખમીયાં અભિન્ન રૂપે ભમીયાં. આજ૦
પીધો પાયો પ્રેમને વળી નિહાળ્યો નેણ,
પણ વર્ણન કાળે બને, વાંકાં ચુંકા વેણ;
રામમણિ પ્રેમ નિધ ઝીલ્યાં ગમીયાં,
ઝીલ્યાં ગમીયાં અપાર દુઃખડાં ક્ષમીયાં. આજ૦

ચાલ રસીયા સંગાથે રાસમંડળ રમીયે,
રાસ મંડળ રમીયે દુસંગ દોષો દમીયે. ચાલ૦ ટેક.
શરદ ચાંદની શોભતી, ગગન ચડ્યો છે ચંદ,
વૃંદાવન ઘન કુંજમાં, ખેલે છે સુખ કંદ;

ખંધાં થઇને સખી કાં ખોટા ખમીયે,
ખોટા ખમીયે ન ભેદ ભ્રષ્ટે ભમીયે. ચાલ૦
બંસી ધૂન મચી રહી, થાતો ગંભીર નાદ,
ચાલ નાદના સ્વાદમાં, વિશ્વ ગણી બરબાદ;
વ્હાલા વ્રજેશ પાદ પદમે નમીયે,
પદમે નમીયે સુશાંતિ પદમાં શમીયે. ચાલ૦
બોલાવે અલી ! બળ કરી, આપણુને બળવીર,
ભાન ભુલી તું જાય છે, રહે ન હૃદયેધીર;
હાલ વ્હેલી થા પ્હેલી અલી ! હરિને ગમીયે
હરિને ગમીયે પ્રભુ સંગાથે જમીયે. ચાલ૦
વિરહાગ્નિ જવાળા અહો ! બુઝાવીએ આવાર,
રામ મણી મળી રંગમાં, બનીયે એકાકાર;
શાણુપણુમાં તણાઇ ધૂળ શાને ધમીયે,
ધૂળ શાને ધમીયે, બધાય વેરો વમીયે. ચાલ૦

આજ રસીયા સંગાથે રાસ મંડળ રમતી,
રાસમંડળ રમતી પ્રભુ મન ગોપી ગમતી. આજ૦ ટેક.
દિવ્ય બન્યું એ સ્થાનને, દિવ્ય બનેલો ઠાઠ,
દિવ્ય રમત જામી રહી, દિવ્ય પઢાતા પાઠ;
ખાસ રાજ ઋષિકેશ ચરણુ ચોંપે નમતી,
ચોંપે નમતી ન લેશ શોભા કમતી. આજ૦
જોગેશ્વર જોવા મળ્યા, ચડીયા દેવ વિમાન,
સિદ્ધ સર્વ કરતાં સ્તુતિ, ઉતરેલા અરમાન;

આશ ત્રાશ ટેવવાન દેવ મટીયા મમતી,
દેવ મટીયા મમતી ફરે સુચક્રે ભમતી. આજ૦
કંકણુ ઝાંઝર વેણુના, નાદ વડે બ્રહ્માંડ
ભરીયું ને છલકી જતું દેવો બનીયા ભાંડ;
વ્હાલ ભાણે વ્રજનારી, ભકિત ભાવે જમતી,
ભાવે જમતી અરે ! હા ! ભૂ ધમધમતી. આજ૦
ગ્વાલ ગોપીના ગાનમાં, મોહ્યા સર્વે લોક,
આપ ભૂલીહરિમાં ડુબ્યાં, પણુ અનુભવતાં કોક;
રામ શાંતિરસ રંગ મણિ મોંઘી શમતી,
મોંઘી શમતી ન દુ:ખ દૂરતા ખમતી. આજ૦

આજ રસીયો અમ સંગ રાસ મંડળ રમતો,
રાસ મંડળ રમતો ન ક્રૂર વેણે દમતો. આજ૦ ટેક.
ભકિત રસથી રસિકને, અમે ખરીદ્યો ખાસ,
અમમાં તદ્રૂપ તે બન્યો છે ના લેશ કયાશ;
ગેલ ઘેલો ગોવિંદ કરે, ગોપી ગમતો,
ગોપી ગમતો જુઓ તે નાસે જમતો. આજ૦
પરા પારની વાત એ, કાન ગોપીનો પ્રેમ,
પાખંડી સમજે નહિ, ઉલટાં આણે વ્હેમ;
હાશ ! દિલમાં સુરંગ જંગ ધ્વનિ તે ધમતો,
ધ્વનિ તે ધમતો પદ અમ તે નમતો. આજ૦
બ્રહ્માદિક ન શકે પુગી, એજ અમારૂં સુખ,
દુરજનિયાં જાણે નહિ, ન ટળે અખંડ ભૂખ;

ઉર ઉગ્યો રસચંદ્ર કદી ના આથમતો, ?
ના આથમતો ન લેશ, ગગને ભમતો. આજ૦
પૂર્ણ સ્થિર તે ચંદ્ર હા ! કરે સુધારસ છેલ,
બ્રહ્માંડો બૂડી ગયાં, અનંત એવો ખેલ;
અંત ઈંદુ એ રામ મણિ પદમાં શમતો,
પદમાં શમતો, વિષાદ વૈરો ક્ષમતો. આજ૦

કેમ રસીયાં સંગાથે રાસ મંડળ રમશો,
રાસ મંડળ રમશો અતિશય ક્લેશો ખમશો. કેમ૦ ટેક.
અતિશય પુગવું કઠણ છે, અબળાના શા ભાર,
કોડે કોક પુગી શકે, કરતા વેદ પુકાર;
એમ જાણો કે જ્ઞાની કોક પુગે અમશો,
પુગે અમશો જ ભાર છે ત્યાં તમ શો. કેમ૦
તપસી તોબા થઈ ગયા, યોગી પામ્યા હાર,
ધુંચવાયા જ્ઞાની ઘણા, યુવતિ છેક નકાર;
વ્હેમ વાતે વંઠાય ધૂળ ખાલી ધમશો,
ખાલી ધમશો, નકામ ભવમાં ભમશો. કેમ૦
કર્મઠ મુંઝાયા મહા, જ્ઞાની ગોથાં ખાય,
અવઘટ એવા ઘાટમાં, પ્રમદાથી ન પેસાય;
પ્રેમ ધરશો પુરો પ્રભુ મન ગોપી ગમશો,
ગોપી ગમશો સુભાવ પદમાં નમશો. કેમ૦
કૃષ્ણ કનૈયો પ્રેમનું, સર્વાતિત સ્વરૂપ,
તેમાં તો ભળશો થશો, અદ્વય પ્રેમ જ રૂપ;

રહેમ રાખે મણિરામ ધામ હામે શમશે.
હામે શમશે અભિન્ન ભાવે જમશે. કેમ૦

રાસ રસીયે અમસંગ જંગ રંગે રમીયે,
રંગે રમીયે સુકંજ વૃંદે ભમીયે. રાસ૦ ટેક.
ભાગ્ય લાગ કે રાગ એ, શું કહીયે વૈરાગ,
ના, ના, એ કશુંએ નહિ કૃષ્ણ પ્રેમરસ ત્રાગ;
હાશ ! માણ્યો એ સ્વાદ, શોક સર્વે શમીયે,
સર્વે શમીયે અબળા નમીયાં નમીયે. રાસ૦
કૃષ્ણ કૃપાએ સૌ બન્યું, કીધાં કૃષ્ણ સ્વરૂપ
એની કરૂણા વગર તો, પુગે નહિ ભડ ભૂપ;
ત્રાસ સર્વે ટળિયા, અમારો મેણાં ખમીયે,
મેણાં ખમીયે અમારી સંગે જમીયે. રાસ૦
ઝલક હજુએ માણીયે, ગળિયાં પ્રેમાનંદ,
જ્ઞાની બકતા છો ભમે, જડીયાં બ્રહ્માનંદ;
દાસ થઇને દુઃખાદિ દોષ નગને દમીયે,
નગને દમીયે, સુરંગ અગ્નિ ધમીયે. રાસ૦
આભ ઉંડળે લઈ લીધો, મ્હેર કરી મણિરામ,
ગાડામાં ગિરિનારને, ઘાલ્યો મુકી મામ;
ખાસ ભેદાદિ ભાર બુદ્ધિ પરથી વમીયે,
પરથી વમીયે, અમારા ઊરમાં ગમીયે. રાસ૦

રંગ રસીયા સંગાથે રાસ મંડળી રમતાં,
રાસ મંડળી રમતાં, મનને નમને નમતાં. રંગ૦ ટેક.
સ્નેહ ગુલાલ ઉડાવીયો, ગ્રેહ ટળ્યો વિખ્યાત,
દેહ ભાન ભૂલી ગયાં, નેહ રૂપ સાક્ષાત;
ઢંગ ભુલ્યાં સુરંગ શ્યામ સંગે જમતાં,
સંગે જમતાં દુરાશ દંભો દમતાં. રંગ૦
પ્રેમ પલીતે બાળિયાં, વ્હેમ તણું દઢ મૂળ,
નેમ ધર્યા પ્રભુ પદ વિષે, ક્ષેમ કર્યું દઢ મૂળ;
અંગ ઓઢી બાજ્યોજ કામ, ધમણો ધમતાં,
ધમણો ધમતાં અનંત ભવમાં ભમતાં. રંગ૦
પ્રીતિ રસ રેલાવિયો, જીતી લીધું સર્વ,
નીતિ બધી પળી ગઇ, વીતી ગયોજ ગર્વ;
વ્યંગ વેણું નેણાં પ્રહાર પ્રથમે ખમતાં,
પ્રથમે ખમતાં તથાપિ સ્નેહે ક્ષમતાં. રંગ૦
ભાવ વડે ભેળાં થયાં, દાવ વડે તદ્રૂપ,
નાવ પ્રણય પકડયું અમે, ધાવ ન સમજે ભૂપ;
નંગ જડીયું મણિરામ, સંગ સ્નેહે શમતાં,
સ્નેહે શમતાં સુગીત ગાતાં ગમતાં. રંગ૦

રાજ રસીયોજી રાસ હાસ ! અમશું રમતાં,
હાશ ! અમશું રમતા, સુદિન સ્મરતાં ગમતા. રાજ૦ ટેક.
અનુકંપા અબળા પરે આણીને અવનીશ,
અમરપણું આપી સખી, કરી ધન્ય જગદીશ;

સાજ સારા ન છેક, તોય રાખી શમતા,
તોય રાખી શમતા, નિવાજી આપી સમતા. રાજ૦
કેવળ કરૂણા કંદની, કરૂણાનું એ કામ,
કોટી કલ્પનાં કષ્ટ તે, કાપી કર્યાં અકામ;
કાજ કુડાં કીધેલ બધાં સ્વામી ક્ષમતા,
સ્વામી ક્ષમતા સખીના મેણાં ખમતા. રાજ૦
રસીકવરે રસીયા કર્યાં, રાસ બતાવી ખાસ,
રસ રૂપે રેલાવીયાં, આશ ત્રાસ ને કાશ;
તાજ શીરના એ કૃષ્ણચંદ્ર અમને નમતા,
ચંદ્ર અમને નમતા, પટાવી પ્રીતે જમતા. રાજ૦
પ્રેમ સ્વરૂપ પરખાવીયું, પ્રેમ પ્રણય રસ કોલ,
આપેલો તે પાળીયો, પાંતળીયાએ બોલ;
નાજ પાડે મણિરામ સખી સંગે ભમતા,
સંગે ભમતા સુરંગ ધમની ધમતા. રાજ૦

સખી ચાલો હરિ સંગ રાસ રંગે રમવા,
રાસ રંગે રમવા વિષાદ સર્વે વમવા. સખી૦ ટેક.
વાર કરોમાં વ્હાલુડી, વેગ વધારો વાહ,
વૃંદાવન વાટે પડો, પકડો પ્રેમી રાહ;
દુઃખી થાવા રોકાઓ કેમ દુઃખડાં ખમવા,
કેમ દુઃખડાં ખમવા, ભવાટવીમાં ભમવા. સખી૦
ઘડીયે ઘુંટ ભરાય છે, ઢીલ કરો માં કોઇ,
પુણ્ય પરાકૃત પ્રકટીયાં, બની ગઇ છે સોઇ;

સુખી બનવા દોડો દયાળ પદમાં નમવા,
પદમાં નમવા, ન દેર કરજો જમવા. સખી૦
તક સાધો ને તારૂણી, ત્રીકમ ત્રેવડ કીધ,
મોંઘી અજ શિવને ઘણી, તક આપણુને દીધ;
સુખી મોહન ઉભેલ દોષ સઘળા ક્ષમવા,
દોષ સઘળા ક્ષમવા, પદાબ્જ જઇએ શમવા. સખી૦
અલિ ! આવતી હોય તો, ઝટ પુગો હું જાઉં,
ટાણું ઝડપુંછું હવે, ભાન ભુલીને ધાઉં;
સુખી ડાંસ બની રામ મણિ મનમાં ગમવા,
મણિ મનમાં ગમવા દુરાશ દ્વંદ્વો દમવા. સખી૦

રોમ રોમે રણુકાર મારા રામનો રહે,
રામનો રહે નયણે આંસુડાં વહે. રોમ૦ ટેક.
અંતરમાં નજ ઉતરે, અન્ય કોઇના વેણુ,
જે બોધે શોધે જડયું, પરમાનંદ સુખ દેણુ;
લોમ કે'ણુ કહે કોણુ ? વેણુ નેણુ : તો સહે,
વેણુ નેણુ તો સહે, ભય ન અન્યનો દહે. રોમ૦
પ્રભાત કાળે કોણુના, સ્વર ધીમા સંભળાય,
મધ્યાન્હે મન મંદીરે, જમતા હોય જણાય;
સૌમ્ય સાંજે એ શબ્દ પુરા જોસમાં વહે,
પુરા જોસમાં વહે, ત્રિવિધ તાપ તે દહે. રોમ૦
મધરાતે મસ્તાન થઇ, આત્મરામ સંગાથ,
રમતાં રજની વીતતી ગાતાં ગોવિંદ ગાથ;

વ્યોમ ગાજે ઘણેઘાટ નાદ સ્વાદ મન લહે,
સ્વાદ મન લહે, ન ભિન્ન સ્વાદ તે ચહે. રોમ૦
ભણીયાં પોથી પ્રેમની, રમીયાં રાસ અભંગ,
ઝબકી ઉઠયાં જ્યોત્તિમાં, રંગાયાં એ રંગ;
હોમ કીધો મણિરામ, હૃદય ભાવ કો ગ્રહે,
હૃદય ભાવ કો ગ્રહે પ્રેમ ઝાળ કો સહે. રોમ૦

ઠામ ઠામે ઘનશ્યામ, સ્વામી દેખીયે અમે,
સ્વામી દેખીયે અમે, તપાસ રાખજો તમે. ઠામ૦ ટેક.
ખંત કરીને ખોળતાં, ખાલી ન દીઠી જાગ,
ઝટ અંતર પટ ખુલતાં, પટ સંધાયો ત્રાગ;
ધામ ધામે નિરખાય નાથ! ગેલ હા! ગમે,
ગેલ હા! ગમે ન દંભ દૂરતા દમે. ઠામ૦
અચળ ગહન ગિરિવર વિષે, ગોવિંદાનાં ગાન,
મધુર મધુર સુણતાં અહો! મન બનતું મસ્તાન,
કામ કામે લીલા રસીક રંગમાં રમે,
રંગમાં રમે નિહાળી મન પદે નમે. ઠામ૦
બંસીધરની ફાંકડી, વનમાં વાગે વેણુ,
સુણતાં આત્મા નાગ હા! કરતો ઉંચી ફેણ;
જામ જામે જગનાથ સાથ સ્નેહમાં ભમે,
સ્નેહમાં ભમે ન ધંધ ધૂળ તે ધમે ઠામ૦
લલકારે રણુકારમાં, ગરવા ગુણ ગણુ ગ્રામ,
પલક ઝલક જામી રહી સ્વયંવેદ્ય મણિરામ

નામ નામે રસ રંગ વ્યંગ ઢંગ ના ભ્રમે,
વ્યંગ ઢંગ ના ભ્રમે સુશાંત કાન્તમાં શમે. ઠામ૦

પ્રેમ બંધે બાંધીને આભ ઉંડળ ભરશું,
આભ ઉંડળી ભરશું, ન લેશ ભરતાં ડરશું. પ્રેમ૦ ટેક.
ન થવાનું કરી નાંખશું પ્રેમ બળે પ્રખ્યાત,
થવા કાળ ટાળી દઇ, બતાવશું નિજ જાત;
ક્ષેમ રળતાં બીજાંને ક્ષેમ કરતાં ઠરશું,
કરતાં ઠરશું ન ફંદ ફેંકે ફરશું. પ્રેમ૦
ભકિત યોગ એ ક્ષેમનું, મજબૂત મૂળરવાળ,
હૃદય ભુમીમાં રોપશું, નડે ન ભય કો કાળ;
વ્હેમ વાતો વિખવાદ જરા કાન ન ધરશું,
કાન ન ધરશું ને કલેશ કોથી કરશું. પ્રેમ૦
વ્યકિત ભાવ બાળી બળે હા! બનશું અવ્યકત,
એ અવ્યકત વિલાસમાં, વ્હાલપ કરશું વ્યકત;
કેમ કોથી કંપાયમાન થાશું? મરશું?
થાશું મરશું ન ઝેર વેણા ઝરશું, પ્રેમ૦
ચિદ્ઘનની ચોપાટમાં અભિન્ન રમશું ખેલ,
સ્નેહ સોગઠાં પ્રેમના પકડી પાસા ફેલ;
રહેમ રાખે શ્રી રામ મણિ વરશું તરશું.
વરશું તરશું સુરંગ ચારો ચરશું. પ્રેમ૦

સૂર સંગે ધસવું ખસી ન બ્યંડળ બનવું,
બ્યંડળ બનવું કુમોત મંગળ ગણવું. શૂર૦ ટેક.
કમર કસીને ઘુમવું રણ જંગે થઇ ધીર,
મોહ શત્રૂને મારવા વિશુદ્ધ થઇને વીર;
ભૂર થાવું ન ખાસ ચિત્ત ચંચળ હણવું. શૂર૦
બજાવવી સમશેર એ, હા શૂરાના ઠાઠ,
બતાવવી સમશેર એ, છે કાયરના પાઠ;
પૂર પ્રેમે હોમાય દેહ એ પળ ભણવું. શૂર૦
સ્વાર્પણમાં શકિત વડે, ભરપુર રાખી હેત,
ધસવું પણ ખસવું નહિ બની નમાલાં પ્રેત;
ક્રૂર કામા કરવા ન કદી કુંપળ ખણવું. શૂર૦
માયા દળ વાદળ મહા હઠાવવું ધરી હામ,
પણ હૃદયે ગ્રહી રાખવા રસ રૂપે મણિરામ;
ચૂર થાતાં દઢ ટેક સ્નેહ કંબલ વણવું. શૂર૦

રાગ બની હું પ્રેમની જોગણ. એ રાગનાં પદો

પરમ રસ પ્રેમ ઘેલુડી અહા ! ગોવિંદને ગોતું,
ગોવિંદને ગોતું હૈયાના હારને ગોતું. પરમ૦ ટેક.
ભાંગ પ્રેમની પ્રેમ કુંડી' પ્રેમનો સોટો,
પ્રેમથી ઘુંટી પીધો, હર ! પ્રેમનો લોટો. પરમ૦
પ્રેમનો નિશો ચડંતાં પ્રેમ ઘેલુડી,
પ્રેમ વનમાં ભાટકું, ખસ ! પ્રેમ ઢેલુડી. પરમ૦

પ્રેમની થઇ ચેલકીને, પ્રેમના મંત્રે,
પ્રેમ ગુરૂ બોધે ચડી, બસ ! પ્રેમને યંત્રે. પરમ૦
ચેલછા છે પ્રેમની હા ! પ્રેમ રસ ચાખું,
રામદ્વારે પ્રેમની મણિ, પ્રેમધા નાખું. પરમ૦

થઈ વૈરાગ્ય રસ ભીની, હરિને ગોતતી હીંડું,
ગોતતી હીંડું પ્રભુને શોધતી હીંડુ. થઇ૦ ટેક.
વૈરાગ વિભુતિ અંગમાં, વૈરાગ્યની માળા,
વૈરાગ્ય તનમાં તિલકને, વૈરાગ્ય હું બાળા. થઇ૦
વૈરાગ્યનાં વસ્ત્રો ધર્યાં, વૈરાગ્ય જગ હોળી,
ખુબ ભંગ વૈરાગી પીધી, વૈરાગ્યની ટોળી. થઇ૦
ગુલ્તાન છું વૈરાગ્યમાં, મસ્તાન વૈરાગે,
સેતાન થઇ વૈરાગ્યમાં, વૈરાગ્યને બાગે. થઇ૦
વૈરાગ્ય બે ભાને ભમું, કુરબાનછું નામે,
વૈરાગ્યમાં શોધું મણિ હા ! રામ છે રામે. થઇ૦

સુધા સ્નેહાબ્ધિમાં સ્નેહે, તરંતા સ્વામીને શોધું,
સ્વામિને શોધું, પિયુની ખામી ના શોધું. સુધા. ટેક.
સ્નેહની લહરી બની હું, સ્નેહ ના લોઢો,
સ્નેહમાં પિયુજી મળો, હાં ! સ્નેહમાં પોઢો. સુધા.
સ્નેહ સરિતાના તરંગે, સ્નેહમાં ઝીલું,
સ્નેહ રસ ભીંજાયલી, છું સ્નેહનું ભીલું. સુધા.

સ્નેહી કાં ન નિહાળ સામું ભાગ શું સ્નેહી :
ટીલું લાગ્યો સ્નેહી તું ના સ્નેહ નો વેહી. સુધા.
સ્નેહ રામ રસાળ રૂપે, સ્નેહ રૂપે હું,
ઝટ મળી જા સ્નેહ માંણુમાં, સ્નેહ પુરે તું. સુધા.

ધરંતાં ધ્યાન સ્વાત્માનું સ્વરૂપે એજ દેખાતું,
એજ દેખાતું રૂપે ના! તેજ પેખાતું. ધરંતા. ટેક.
ધીરજ ધરી જોતાં અરે! આ ઉર શે' ખાતું,
ન્યાળું નયને નાથને શંકિત દિલ થાતું. ધરંતા.
હાં! શું હશે એ શોચમાં, પણ નાજ સમજાતું,
અગ્નિ ઉડે છે અંતરે, મન મસ્ત મુંઝાતું. ધરંતા.
પણ રૂપ માયાનુંજ છે તેથીજ બદલાતું.
માયા વિકારીછે ખરી, ત્યમ રૂપ દેખાતું. ધરંતા.
માયા પરે મણિરામ છે, સ્વય રૂપ જોવાતું,
ભિન્નત્વનાજ અભિન્ન છે, હા! શાંત થા! થા! તું. ધરંતા.

પરમ પ્રેમાત્મ પંથીડાં! અરે! અહિં ઢુકડાં આવો,
ઢુંકડાં આવો મણાવું મોજ લ્યો લ્હાવો. પરમ. ટેક.
ભે વડે ના ભાગજોજી, ધ્રૂજજોમાં ભા!
નિડરતાથી નેહમાં બા! દોડજો હા! હા! પરમ.
ના કશીએ વાસનાને, ના કશી ઇચ્છા,
ના કહેવું છે કશું ને ના કશી પૃચ્છા. પરમ.

હા, મિલાવો દીલ દીલે, અંગ સુ અંગે,
છેક પીડા છોડવીને, સચવું રંગે. પરમ.
ચૂપ વાણી ચૂપ મનને, ચૂપ ઉપદેશે,
રામ મણિ થઇને રહો, ના ભેદ લવલેશે. પરમ.

પરમ પ્રેમાત્મ સૈનિકો ! સુજંગે ટુકડા થાઓ,
ટુકડા થાઓ, તથાપિ પ્રેમ પંથ ધાઓ. પરમ.
ટુકડા તલ તલ સમા છો, થાય આ તનના,
સુક્ષ્મ તમ હા ! ટુકડા છો, થાય આ મનના. પરમ.
પેની પાછી ના ધરો આ પ્રેમમય જંગે,
લક્ષ પડતા ઘાવ છોને લક્ષના અંગે. પરમ.
પ્રેમરણુ યજ્ઞે કરોને, હોમ તન મનનો,
કો વિચાર પછી કરે છે, ધૂળ આ ધનનો. પરમ.
હા ! મરણીયા મેળવે એ, રામ મણિ પ્રેમે,
ભાગતા કાયર ઘણા હા ! મૃત્યુના વ્હેમે. પરમ.

ય.ય નહિં થાય નહિરે એમ હરિની ભક્તિ. એ રાગના પદો.

આવ અહીં આવ અહીં રે, અથડામાં અભાગિયા આવ અહીં
ભાગે ભમરાળા શું આવ અહીંરે. અથડામાં.
તાંસીરા તોપો તણા, માંડયા નથીજ અત્ર,
કિર્ત્તન કરૂણા સિંધુનું, કરશું જે શિરછત્ર;
ઉંધા હવે તો આવ અહિંરે. અથડામાં.

બંદુકોના બ્હાર નહિ, ખાવા અત્રે બાપ,
ગોળી ગોવિંદ નામની, ગળવી પ્રકટ પ્રતાપ,
અંધા અકરમી આવ અહિં રે. અથડામાં.
ખાવા પડવાના નથી, અરે! ઝાટકા મૂઢ,
ત્રિકમ તીખી ધારની, આ રમતો છે ગૂઢ;
બુદ્ધિ બુંઠા બેલ આવ અહિં રે. અથડામાં,
અહા! મોરચા માંડશું, જ્ઞાન ભકિત ભડ જોધ,
રામ મણિ બાણો વડે, વિંધાઇ રળશું બોધ.
ડાચું દેખાડ ડાંડ આવ અહિં રે. અથડામાં.

દ્વાર દઇ દ્વાર દઇરે દોડ દોંગા શું તું દિલ દ્વાર દઇ,
દાન દયાનાં દ્વાર દઇરે દોડ દોંગા શું તું. ટેક.
દશ દરવાજા નગરના, તેમાંથી તેં હાય!
નવ તો ખુલ્લા મુકીયાં, બહુ આથડવા જાય;
રાખ્યા દશમાનાં કાં દ્વાર દઇ રે. દોડ.
પાપ પંથનાં પાપીયા, ઉઘાડાંજ કમાડ,
મૂકયાં મૂરખા માનવી, ત્યાંથી આવે ધાડ;
બેઠો કાં પુન્યનાં દ્વાર દઇરે. દોડ.
અધર્મનાંજ અભાગીયા, રાખ્યાં બાર ફટાક,
હલ્લાં ત્યાંથી આવતી, તેથી ચડીયો ચાક;
ભ્રમણામાં ધર્મનાં દ્વાર દઇરે. દોડ.
હોકારો યમદૂતનો, લે સાંભળી નાદાન,
રામ મણિ કર હાથનું, હે! બીકણ બેભાન;
હૃદયે રાખી લે દ્વાર દઇરે. દોડ.

સમજ નર તું સોચ મન ઘેલા. એ રાગનાં પદો.

ભક્ત ભલા ભક્તિમાં મંડો છોને શ્વાનો ભસે ભસે. ટેક.
કાયર કુડી કુથલી સુણતાં, નિજ મારગથી ખસે ખસે,
પણ શુરા વીરા ધીરા તો, ધીંગા જંગે ધસે ધસે. ભક્ત૦
અજ્ઞાનીને જ્ઞાન મળે નહિ, તેથી મુરખા હસે હસે,
પણ સમજુ સબળા શત્રુની, સામા કમરું કસે કસે. ભક્ત૦
કરોળીયા જેવા કપટી તો. હાથે જાળે ફસે ફસે,
સંત સાનમાં સમજુ સાધુ, જાળોથી દૂર વસે વસે. ભક્ત૦
વખાણુ નિંદા દ્વંદ્વો સઘળાંને, નાગણુ સમ ડસે ડસે,
એવા જન મણિરામ કૃપાથી, વિશ્વે વિજયી થશે થશે. ભક્ત૦

પ્રેમ જામ પીતાં મસ્તાનાં, થઇ વ્હાલાંઓ હરો ફરો. ટેક.
દીન બંધુની દયા અખંડછે, એ દઢતા દીલ ધરો ધરો,
બહુ નામીનું બિરદ મોટું છે, મિથ્યા માને મરો મરો. પ્રેમ.
મોહ મદીરા દૂર કરીને, સુધા શરાબો ભરો ભારો,
પાન કરી બેભાન બનીને, આનંદ પુરે તરો તરો. પ્રેમ.
સંત સાધુની શોધ કરીને, સત્ય સભાઓ ભરો ભરો,
રામ અમલ કસુંબા કાઢીને, કેફ કારમી કરો કરો. પ્રેમ.
" બ્રહ્મ સત્યને જગત મિથ્યા, " એ સ્વાનુભવ કરો કરો,
મણિરામની પુર્ણ કૃપાથી, શાંતી સ્વધામે ઠરો ઠરો. પ્રેમ.

સાંભળ સજની કહીએ કોને, આ મન હાથે હડે પડે. ટેક.
પળ પણુ શાંત ન થાતું શઠ એ, અવળા ધાટો ઘણાં ઘડે,
કળ વાળે નહિ કપટી કુકું, કરિ તજી ખર પરે ચડે. સાં૦

સાર અસાર ન જાણે જગમાં, આડ ધડે અથડાઇ ખડે.
ભટકણ ટેવ બુરી છે તેથી, બંધાતું એ નથી કડે. સાં૦
ફેંકી શાળ અરે ! રે ! ફાફાં, ફાક મફતમાં હાથ ! છડે,
મુક્તિદ્વાર મુકીને આંધું, ભવ ભીંતોમાં જઈ ભડે. સાં૦
મૂઢ મદીલું મોહ પાસમાં, જકડાતું મોટાઇ વડે.
વાલી બેની તરવાનું તો, રામ મણિમય કૃપા વડે. સાં૦

સાંભળ તો સાચું સખી કહું છું; મન મુરખજી બની ગયું. ટેક.
કદી ચડે તો ઉંચે નીચે, પડીને હેઠું જતું વહ્યું,
સારામાં સારૂં કોઇ ટાણે, કદી બુરાથી બુરૂં થયું. સાં૦
પાતાળે સ્વર્ગે અજ લોકે, ગયું ન ઠામે ઠરી રહ્યું,
સમજાવ્યાની મહેનત ખોટી, માને કોઈનું નહિ કહ્યું. સાં૦
અરે ! સાણસે ઝાલ્યું માનું, ત્યાંતો સટકી ખરે ગયું,
ચપળ વેગ ચપળાથી જબરો, કારણ જાતું નથી લહ્યું. સાં૦
દેવાસુર મુનીજન સહુ હાર્યા, કર્યું ન કોઇનું મને ચહ્યું,
રામ મણિ ત્રૂઠયા જે જન પર, તેણે ચપટીમાંજ ગ્રહ્યું. સાં૦

મારૂં તારૂં મુરખ મનવા, હાવાં તો કર અરૂં પરૂં. ટેક.
તું તારી સ્થીતિ સુધારે, તો સ્થિરતાથી ઠરૂં ઠરૂં,
ખોટી ખટપટ તું છોડે તો, મુજને લાધે ખરૂં ખરૂં. મા.
જેમ જેમ જગમાં તું ઝરડાતું, તેમ તેમ હું તો ડરૂં ડરૂં,
જન્મ મોત એ બન્ને તારાં, તોપણ હું ત્યાં મરૂં મરૂં. મા.

પરાધીનતા તારીમાં હું, પરાધીન થઇ ફરૂં ફરૂં,
સ્વતંત્ર થાતો સ્વતંત્ર રૂપે, હરિ સન્મુખ ડગ ભરૂં ભરૂં. મા.
શાણું શાંત સુધીર બનીજા, હું શ્રી વરને વરૂં વરૂં,
રામમણિકર ગ્રહી વીરત્વે, ભવ સિંધું આ તરૂં તરૂં. મા.

મનસા માલણીજીરે, એ રાગનાં પદો.

સદ્ગુરૂ જ્ઞાનનાં જીરે હ્રદયે વાગીયાં વાજીંત્રજી
વાગીયાં વાજીંત્ર બનીયું વિશ્વ બાધું મિત્ર. સદ૦ ટેક.
ખંઇતિ છે બ્રહ્મ ચાલ્યું, ખાસ એજ ખનિત્રજી,
તે વડે ખોદી ભૂ માયા, ટળ્યું સર્વ વિચિત્ર. સદ૦
સાફ પટમાં સહજ ભાસ્યું, સત્ય શુદ્ધ સુચિત્રજી,
ને જણાયું કે જગેના, છે કશુંય સચિત્ર. સદ૦
ચિત્રવોણો ચિત્રતાનો, ખ્યાલ ખોટું ચિત્રજી,
સદન સુંદર સ્નેહનું હા ! પેખીયુંજ પવિત્ર. સદ૦
સ્વયં આત્મા બ્રહ્મ જાણ્યું, ગયું જે અપવિત્રજી,
રામમણિ ગુરૂદેવ મળીયા, આદિ શિવ જમ મિત્ર. સદ૦

ભેદુ ભોમિયાજીરે, અમને સત્ય પંથ બતાવજી,
સત્ય પંથ બતાવ, પાપી પંથ પીડ પતાવ. ભેદુ૦ ટેક.
અમે જંગે હારીયાં, તું ત્રેવડે જીતાવ્યજી.
હા ! ત્રિતાપે તપેલાંને, તું હજી નવ તાવ. ભેદુ૦
સ્નેહ સાંકળે સાંકળેલાં, તેહને ન સતાવજી
ખૂબ વેળા છે વિતાડી, હજી તું ન વિતાવ્ય. ભેદુ૦

ચોંપથી જડ આ અમારા, ચિત્તને ચેતાવજી,
જળ અગાધે તાર મછવો, છાછરે ન છીતાવ. ભેદુ૦
જન્મ જાળ કુસુમ કાંત્યું હજી કાં કંતાવ્યજી,
મણિ મંડીત વેલ રામા, ન ખારે ખુતાવ્ય. ભેદુ૦

બંધુ બેલીડા જીરે, વાતુ અગમની ઓળખાવ્યજી,
અગમની ઓળખાવ્ય, પ્યારા પરમની પરખાવ્ય. બં૦ ટેક.
હાયકારે હા હતાશી, હૈયાંને હરખાવ્યજી,
જીવ શિવની વાત જાણવી, સ્નેહથી સરખાવ્ય. બંધુ૦
આગ ઠારી દે બધીએ, વધારે ન ધીખાવ્યજી,
માર્જની માયા તણી તું, વ્હાલથી વીખાવ્ય. બંધુ૦
પરમ ભુલ્યાં પંથ પ્રૌઢો, પ્રેમથી પરખાવ્યજી,
વેપલો જે ખોટનો તે, લાભમાં લેખાવ્ય. બંધુ૦
રૂપ નાથ નિરંજનાનું, નેહથી નિરખાવ્યજી,
રામને મણિ નામ વચ્ચે, ભેદ નવ પરખાવ્ય. બંધુ૦

સંગી સાંભળોજીરે, આજે ભાંગી નાખું ભેદજી,
ભાંગી નાખું ભેદ, છૂટે ભવોભવની કેદ. સંગી. ટેક.
મુકત સંગો નહંવાદી, થાજ ગ્રંથી છેદજી,
મયિ સર્વાણિ કર્માણિ, અર્પ વાણી વેદ. સંગી.
સમોહં સર્વ ભૂતેષૂ, ભાળજે નહી ભેદજી;
સમં પશ્યન્હિ સર્વત્રં, એજ ખાસ અભેદ. સંગી.

બ્રહ્મભૂત પ્રસન્નાત્મા, શોચનો ઉચ્છેદજી,
યજ્ઞ શિષ્ટા શિનઃહ સંતો, તજે પાપી મેદ. સંગી.
અહંત્વા સર્વ પાપેભ્યો, મોક્ષ દઉં મણિ ગેંદજી,
રામ એકાક્ષરી મંત્રે, જન્મનો વિચ્છેદ. સંગી.

રાગ બલિહારી રસીયા ગિરધારા.

અવિનાશી, વસીયા, રઘુવીરા અવધેશ હો મનમારે,
મરવાને ટાણે આઘા ન થઇએજી. ટેક.
હાથે દઇ તાળી સ્વામી સટકયામાં સારૂં શાનું
લોકો હસાવજો ન વીરા. અવધેશ હો.
એની વાતો વાલમજી, એનીજ વચમાં રાખો,
નહિ તો લેખાશો અધીરા. અવધેશ હો.
કોમળતા કેશવ દાખો, આપના વિયોગે વ્હાલા!
ફાટે છે દિલડું પડયા ચીરા. અવધેશ હો.
ભટકણુ અટકાવો ભારે, ભૂધર ભાવથી હા!
પીધી મેં પ્રેમની મદીરા. અવધેશ હો.
વૃત્તિ છાકીને ફાટી સંભાળ રાખવાનું,
આપનું કામ રણધીરા. અવધેશ હો.
"ભજે જો અનન્ય ભાવે, વહું યોગ ક્ષેમ હું તો"
ઘટે ના થાવી અફળા ગીરા. અવધેશ હો.
જેવો તેવો હું તારો, નાથજી નિભાવે આરો,
બચાવે થજોમાં નાથ ધીરા. અવધેશ હો.

હૃદય સ્વરૂપ કંઠે બાંધો પ્રિતીથી પ્યારા,
મણિરામ નામ રૂપ હીરા. અવધેશ હો.

રાગ રામજી ગયા વનવાસરે. એ રાગના પદો.

સ્યામનો સંદેશો કહે વીરરે, ભોગી ભમરા ત્વરાથી જરા. ટેક.
નંદના નંદન કેરી શઠતા કહેતાં હે ! વેરી ?
શાને શરમાય છે હો ધીરરે. ભોગી૦
અનાદિથી એવા એના ધંધા છે આ નવાના,
ના તું લજાજે હો અધીરરે. ભોગી૦
ભુખ્યા ને ભોજન આશા, આપી કરતો નિરાશા,
મિથ્યા વાદીનો એ છે પીરરે. ભોગી૦
કાનોને કુબ્જા મળતાં, ભવના ફેરાઓ ટળતાં,
થયો એ ફકીરનો અમીરરે. ભોગી૦
વડી રાજધાની પામ્યો, વૈભવમાં ખુબ જામ્યો.
ભૂલ્યો અમને જડયાં જંજીરરે. ભોગી૦
મણિરામ કૃષ્ણ વ્હાલા; નિર્દય થાઓ કાં ઠાલા,
અમે તો ઝુકાવ્યાં પદે શીરરે. ભોગી૦

વૃજપર કાનુડો રૂઠયો કૂરરે, કુબ્જા માથે ત્રૂઠી પડયો. ટેક.
ગમે ના હવે ગામડીઆં, ઉલટા પાડે ચામડીઆં.
ભાગે છે ભૂર દૂરનો દૂરરે. કુબ્જા૦
રાજવી ઠાઠ ભાળી, અમારે કલેજે પાળી;
મારી ઉડાડયાં વ્રજ નૂરરે. કુબ્જા૦

વરસ્યાની વેળુમાં હા, રીત એની છે આહા !
ભુંડો ભુંડાઇ ભરપૂરરે. કુબ્જા૦
કળકળતાં મુકયાં અમને, સોંપી દીધાં હા ! જમને,
કાળું મન મૂખનો મધુરરે. કુબ્જા૦
સંતાતો શૂરા દેખી, કાયર પગ પકડે પેખી,
કાયર થઇ બેઠો બની શૂરરે. કુબ્જા૦
મુકયાં તો છોને મુકયાં, અમે નથી મુકનારાં,
મણિરામ નામે ચકચુરરે. કુબ્જા૦

રાગ હરીગીત છંદ.

ગુરૂ મંત્ર મળવા માટજન જે, વાટ જુએ પ્રીતથી;
થઇ સ્થીર ગુપ્ત પ્રકાશપર, જેની નજર શુભ રીતથી.
આજ્ઞા ગુરૂની ઝીલવા, જગરૂપ આ સંગ્રામમાં;
એકાગ્રતાથી જે ઉભો, બની મસ્ત પ્રેમળ જામમાં.
શીરના સમુહો પરથી એજે, આરપાર નિહાળતો,
ભાળી ગુરૂની સુક્ષ્મ સાન, નિશાન ઝટપટ ઢાળતો.
સૂણતો ગુરૂનો સ્વર ધીમો, સૌ વિશ્વના કોલાહલે;
મણિરામ પદ તેણે રચ્યું, હુંસા બીજાઓ વાવલે.

કાયરનુ નહિ કામ, એ રાગનાં પદો.

સંગ શુભાશુભ રંગ, અંગમાં લાગેજી લાગે. ટેક.
કાયર સંગે શૂરા ધારો, મેલી ભાગે છે જંગ. અંગ૦

ધૂળને નીરનો કીચડ થાયે, એ ચડે પવન પ્રસંગ. અંગ૦
કાંટાનો કડવો ધૂમ સુગંધી થાય અગરને સંગ. અંગ૦
જન વિષયી સંગે ભક્તોને, પડશે ભજનમાં ભંગ. અંગ૦
ખાળેથી નીકળ્યું નીચ ગણાયે, છો નીર હોયને ગંગ. અંગ૦
સંગ રહિત મણિરામ ભજાતાં, સૂધરી જાશે બંગ.. અંગ૦

કાજળ કોટડી રંગ, અંગમાં લાગેજી લાગે લાગે૦ ટેક૦
વ્યભિચારી જનની સોબતમાં, ફાટી નીકળશે અનંગ. અંગ૦
પાપી સાથે પ્રીતિ કર્યાથી, પાપનો વળશે ખંગ. અંગ૦
દુષ્ટોની દુષ્ટતા દેખીને, દીલડું બનશે દંગ. અંગ૦
પંગુની ટોળીમાં ટાંટીયાવાળો, હોય ગણાયે અપંગ. અંગ૦
સંત સમાગમ સહજે થાતાં, ઉજવળ ભક્તિ અભંગ. અંગ૦
રામ મણિમય જ્યોત્તિ નિહાળું, આપે આપ અસંગ. અંગ૦

કલ્પતરૂ હરિનામ, જપો રામ રામ સ્વભાવે. ટેક૦
ગાંજાથી તુલસીને થોરે કેળાં, થાતાં થાય વિરામ. જપો૦
કડવી તૂંબીના વેલામાં, કેરીઓ પાકે તમામ. જપો૦
વિષવલ્લી અમૃત ફળ ફળતી, નામે સુંદર શ્યામ. જપો૦
આશ્રયે આવી રંક રહે તો, પળમાં બને જગજામ. જપો૦
એજ અનાદિ દેવતરૂને, સેવીને પામો આરામ. જપો૦
જીવંત દાખલો માનો ન માનો, છે પ્રભુ હા! મણિરામ. જપો૦

ગઝલ બુલબુલ.

સમજ ભજ શ્યામને વ્હાલા! બળી જાશે બધાં પાપો.
અહાં! મુર્ખા ન કાં સમજે, પકડશે કાળ પટ આવી. ટેક.
ગૃહી કર ભક્તિનો ભાલો, શુરા સંગ્રામમાં ચાલો.
પ્રપંચે આ પડી રહેતાં, પકડશે૦
ન તન ધન સાથ કાંઇ આવે, ન ટકવાની કશી આશા.
પુંઠ તન તારૂં એ વ્હાલાં. પકડશે૦
પલકનું કાં ધરે હું પદ, બધો ઉતરી જવાનો મદ
સ્મશાને હા! સુવું સાચું. પકડશે૦
જવાનું એજ છે સાચું, રહ્યાની વાતનું કાચુ
જરા તો જાગીને જોને. પકડશે૦
હતી જ્યાં વાગતી નોબત, ઉડે ત્યાં કાગડા કાળા.
ભજી લે એ વિચારીને, પકડશે૦
હતા જે રાજના રાણા, ભિખારી થઇ અહા! ચાલ્યા.
થવાના હાલ એ તારા. પકડશે૦
અરે! ઓ! રામ! હે રામ! કહી ભજી લે. મણિરામ
વૃથા આ જીંદગી જાતી. પકડશે૦

કદી જો પ્રેમનાં તત્વો, પ્રવેશે પ્રાણથી પરમાં.
પિછાણે હા! પ્રણય રીતી, બળાપો થાય તો શાનો. ટેક.
જીગર પ્રેમે થયું ગુમ તો, મટી ગઇ વાસના ધુમતો
ત્રૂટી ગઇ ભિન્નતા ત્રાટી. બળાપો૦

કદી પ્રેમે થતી ભુલતો, ઢળ્યું ઘી ખીચડી માંહે
ન, હાની; લાભ ઉલટો છે. બળાપો૦
મસાલો કેસરાદિનો, પડીકી ગઇ પડી દુધે
બધી ચુક પ્રેમમાં એવી. બળાપો૦
પ્રભુ પદ પંકજે યદિ જો, ચદ્દર છુંદાઇ કુલની તો
સુભાગી એ ચદ્દર થાતી. બળાપો૦
મણિમાં રામ ખોવાયો, મણિગુમ જો થયું રામે
હતું અદૃય થયું એવું. બળાપો૦

સ્વજનના સ્નેહને તે શું ? કપાળે ટીલડી ચોટી
"રહો જુદાં" અરે ! એવો, વિધિએ લેખ શું માંડયો. ૧
ન હોયે ભુલ ભાવિની, ન ભાવિ ત્યાં શકે ફાવી;
ફરે છે સ્નેહ ભાનુ તો, વિધિના દેશથી આઘો. ૨
વિધિ નિષેધ તો લોકો, રચ્યો ચૌદે પચાવીને;
પરંતુ સ્નેહ સાંકળથી, રચ્યા નાચી બધા લોકો. ૩
અજાની પારની મોજે, મજાની માણુનારએ
ખજાનો પ્રેમનો તેને, સજાનો ના ભયે એને. ૪
સદંતર સ્નેહના સર્ગે, ત્રિવર્ગે તંતુઓ સાંધ્યા;
પડે ઢીલા કદી તોયે, નથી એ ત્રૂટવાના હા ! ૫
સ્વયં રમતાં સ્વયં માણે, સ્વયં જાણે પ્રમાણેને;
સ્વયં પર અન્ય ના દેખે, અનુભવિયાંજ પિછાણે. ૮
ગમત ગગને ગુફામાં એ, કરી જાણે કમાણા તે;
જગત તો જોઇને પાછું, અરે ! ભાગે મરે ત્રાસી. ૭

ભાણુ અજવાશમા દિલને, શરીર પારે દબાવીને;
રહે બની રામ રૂપે હા ! સ્વયં આત્મિય શાંતિમાં. ૮

સમય શુભ સાધનો કરતાં ઉપાયો એજ આદરતાં,
હૃદયમાં ધ્યાન એ ધરતાં, ઝલકતી જો ! અરે ! જ્યોત્તિ.
વિરમતી જ્યાં બધી વૃત્તિ ન શુદ્ધિ દેહની જ્યાં ત્યાં,
અચાનક અંતરે જોતાં, ઝલકતી જો ! અહા ! જ્યોત્તિ.
હશે શું સ્વપ્ન કે સાચું, ન સમજાયે ન રહેવાયે,
વિચારૂં જાગીને જોતાં, થઈ અદશ્ય એ જ્યોતિ;
નથી અદશ્ય એ જ્યોત્તિ સમાણી "તુ" રૂપે જાણી,
મણિથી જ્યોત્તિ ના જુદી ઝળકતી રામ રૂપે તે.

જરા તું જ્યોત્તિમાં જોજે, અહા ! વ્રજરાજ ઉભાછે.
અધરપર પ્રેમની પ્યાસી, સ્વયં બંસી ગગન ગાજે; ટેક.
ધ્વનિમાં ધીરતા રેલે, પ્રણય પોકાર એ કરતી,
જગત નાદે ગજાવંતી. સ્વયં૦
ખરી શૂરવીરતા પ્રેરે, રસાત્મક ગાન એનું હા !
ઝીલાવે વિશ્વ એ રસમાં. સ્વયં૦
મણિ મંડીત એ બંસી ગ્રહી બળરામ બંધુ એ,
પ્રકાશ્યું પોત પોતાનું. સ્વયં૦

પથિક ઓ ! પ્રેમના પ્યારા, ન જાતો દૂર ભા ! ભાગી,
દિશા એકજ દશાનાં હા ! ખરે છે ! આપણે પંથી, ટેક.

વગર ગ્રંથી ખરી સંધી, સ્વભાવે એક અવટંકી,
ગહન ગુહા વિચરનારાં. ખરે૦
રમણમાં રંગની રેલો, વિકટતા વાટની ના, ના,
જીવનમાં જોર ભરનારાં. ખરે૦
અલખ પંથે મણિ શોધી, મણિમાં રામને ભાળી,
અહા ! તલ્લીન થાનારાં. ખરે૦

અલખ આધાર હા ! પકડી, અલખ પગથી ક્રમે ચડતાં,
અલખ ધ્યાને ધરંતાં હા ! મળે પરમેશ એ રીતે; ટેક.
અલખની વાટડી લેતાં, અલખની વાટડી જોતાં
અલખની વાતડી કરતાં. મળે૦
અલખ ઉપદેશના બળથી, શ્રવણ અલખે વધે જાતાં,
મનન માંહે અલખ જાગે. મળે૦
નિદિધ્યાસન અલખ રૂપે, સ્વયં મણિરામ લખ રૂપે
અભેદે એ અલખ માણે. મળે૦

ત્રિકુટપર ગાઢ ગઢ માંહે, મનોમય મ્હેલની મધ્યે,
ઝલક ઝરૂખે અરે જોતાં, નિરખીયે નાચ નટવાનો; ટેક.
અજાયબ ખેલ છે એનો, ઝરૂખો મ્હેલને ગઢ એ.
ત્રણે તદ્રૂપ એવો એ. નિરખીયે૦
અનુપમ રૂપ શું બોલું, વચન મન ભિન્નના ભાળું,
પરાપારે પરખતાં હા. નિરખીયે૦

ધ્વનિ મણિરામ ઉઠે છે, અયં આત્મા અનામિમાં,
સ્વજન રંજન સ્વભાવે હા. નિરખયે.

દાણ દેવા સરીખાં નથી માટમાં, એ રાગનાં પદો.

હાંરે, થશે દેહનેજ સંગમાં જવાનું, કે નાથ સાથ પ્રાણનેહશેજ ચાલવાનું ટેક
નાથ લેવા તનનાજ કહે છે, હાંરે, મને લાગે વિપરિત છે થવાનુ કે નાથ●
શ્યામ સંગરહેવાવૈકુઠમેલ્યું, હાંરે ભુવન તાતનું ગણેલ મેંહવાનુ કે નાથ૦
ક્ષીરસાગરઘીરૂપતજ્યોતો, હાંરે,અવધ મારે મન તેલ છે તવાનું કે નાથ●
હૃદયેશ્વરમણિ રામવિણમારે, હાંરે,લાખનું જે તે દોકડાસવાનુકેનાથ●

હાંરે,જાનકીજીસ્વદીલસાથશોચે, આમાંથીહવેબનવોબનાવઆજશોછે? ટેક
ન થવાનું બંધું થાતું દીઠું, હારે ભુરાદુઃખનાકુબ્જકાણમોચે?આમાંથી●
કંચનમૃગલે ધાણ કઢાવ્યો,હાંરે,પણ દાટવાળ્યોમન, પોચે. આમાંથી૦
વેણનમાન્યુંનાથનું તેથી,હાંરે,વિરહ આગે આક્રૂર ઉરલોચે, આમાંથી૦
બાણમણિવાગેરામનાં તોયે,હાંરે,મરેરાવણન દુઃખ પુગ્યુંટોચે.આમાંથી૦

હાંરે દાણ દેશું ન દોકડોયરાતો, મજોરમાર ઝાઝું મુકી દેઉદમાતો. ટેક
કંસરાજાના રાજમાં તારી, હાંરે, નહિં ચાલે ઉફાંદ કેરી વાતો.મજોર૦
પ્રજા ઉપર કરબોજાતારાના,હાંરે,પરવાના લાવેલ કયાંથી આતો? મજોર૦
વાટે જતાંને રોકે લૂટારા, હાંરે, બહુ ફાટી ન થાતું મદ માતો. મજોર●
હક અમારા મણિમય લૂટવા,હાંરે,રામ કૃષ્ણ શું વારવાર ધાતો.મજોર૦

કઠણ થયા મોહન મથુરાં જઈ. એ રાગનાં પદો.

હેત અમારૂં ઓછું જાણી, શું ભાગ્યા વ્રજલાલારે. ટેક.
વ્રજ સુંદરીમાં સ્નેહ ન દીઠો, ગયા મુંઝાઇ ઠાલારે. હે૦ ૧
બહાર ભભકો પ્રેમ ન મારે, ધોરણ ભુલ્યા વ્હાલારે. હે૦ ૨
પ્રેમ નેમ જાણો મારો તોય કાં? વશમા વિરહી ભાલારે. હે૦ ૩
કૃષ્ણ મણિરામ કરૂણાથી ધરજો, કાને કાલાવાલારે. હે૦ ૪

ચંચળ ચતુરા જાણી ચસકયા, પઠવી એક ન ચીઠીરે. ટેક.
ગંધારી વ્રજ ગોપી જાણી, ગોવિંદ ગમતી ન દીઠીરે. ચં૦ ૧
આહિરડામાં ઓછી બુદ્ધિ, કરીશું તેથી અદીઠીરે. ચં૦ ૨
ગોપ સંગે ઘરવાસ માંડેલો, એથી શું માની અજીઠીરે. ચં૦ ૩
કૃશ્ણમણિરામ તજવાતાં તોકાં? સંભળાવી મોરલી મીઠીરે. ચં૦ ૫

થાવાની થઇ ગઈ અમારે, કાના ! વિચાર કરો છોનેરે. ટેક.
અમે અમારૂં સર્વસ છોડયું, વળગ્યું ગળે છો તમોનેરે. થા૦ ૧
તન મન ધન પદ પ્રેમે હોમ્યાં, ભાંગેલ ભેદ ભ્રમ બોનેરે. થા૦ ૨
પણ સ્વાર્થીયા સ્વભાવની હા ! આપ ન મુકતા બોનેરે. થા૦ ૩
કૃષ્ણ મણિરામ વેણુસુણશો વાંકા,દુઃખડાં હમારાં દમોનેરે, થા૦ ૪

ભુલી ગયા ભગવાન અમોને, કામ ન કીધું સારૂંરે. ટેક.
વ્હાલપને વિસારી વ્હાલા, અવડું શું અંધારૂંરે. ભુ૦ ૧
મથુરાંવાશી વ્હાલા ગણીને, ગણીયું ગોકુળ અકારૂંરે. ભુ૦ ૨
નવી નવાઇ નવ દહાડાની, જુનું જગમાં સારૂંરે. ભુ૦ ૩
કૃષ્ણ મણિરામ સમજવું સાને, માની વચન અમારૂંરે. ભુ૦ ૪

રાગ વાટ જુએ છે મીરાં શંકડી૦

જખમી જીવડાને જીવન મારમાં, સાચા સ્નેહી. જખમી. ટેક.
સરલા વૃત્તિથી યાચું, ઇચ્છા તવ આગળ નાચું.
જીગર આ જોરથી વિદારમાં. સાચા૦
પ્રણયીપર તીખી છુરી, ઉગામી અથાગ ભુરી;
બસ કર ! ડર લાગે ક્રૂર ધારમાં સાચા૦
માફી દે અપરાધોની, એ દીલના બહુ બાધોની,
કરૂણાળુ કરતાં કૃપા હારમાં. સાચા૦
મણિરામ હૃદયે ગુંજું, માગું ના નાજ દુજું,
દે એ દાતાર આ અવતારમાં. સાચા૦

રાગ સદા સંસારમાં સુખ૦

વૃત્તિ વિલસાવતી હુલસાવતી જે દિવ્ય દૃષ્ટિ,
ગઇ કયાં તે અરે હા ! સ્નેહ રશ્મિરૂપ દૃષ્ટિ. વૃત્તિ. ટેક.
અંતરને અજવાળતી કરતી બાહ્ય પ્રકાશ,
સભર સઘન ભરતી ખરે, પ્રેમે આ અવકાશ;
પદ્મિની બુદ્ધિને વિકસાવનારી ચંદ્ર દૃષ્ટિ. વૃત્તિ૦
પુર્ણ પ્રેમ પયોધિમાં, ન્હાતાં અનંત ગોળ,
ઝીલંતા ઝળકારમાં, તાને થઇ તરબોળ;
સરોજ સુચિત્તને ખિલાવનારી સુર્ય દૃષ્ટિ. વૃત્તિ૦
પરમાણુથી પરેશમાં, સહુમાં સરખું એક,
ભાસંતું જે ભભકથી, થયું લોપ શું છેક !
અહા ! શું ! નેત્રથી નિકાસ પામી વિશ્વ દૃષ્ટિ. વૃત્તિ૦

અધાપો દૃષ્ટિ વિના, રહું રાંક થઈ રોઈ,
તપાસતાં ત્રૈલોકમાં, વૈદ ન ભાળું કોઈ;
મણિ સ્પર્શી દઈ દે, રામ રૂડી બ્રહ્મ દૃષ્ટિ. વૃત્તિ૦

રાગ મહેતાજીરે મહીનું મુલ બતાવો.

નવ પામેરે ભક્તિ ભાવ વિનાનાં, જ્યાં અભાવનાંજ બિછાનાં,
નવ જામેરે, ઉખરે તરૂ મજાનાં, તો એવાં બીજ કશાનાં ? ટેક.
નકટીને વાળી નકામીરે, વાલમ શું રીઝવે વામીરે;
કીર્તિ નવ પામે કામીરે દુરભાગીરે કપટે રમશે છાનાં. તો૦
ના લાયકને જો આપોરે, તો પંથ અનાદિ ઉથાપોરે;
ઉલટાં બહુ વધે પાપોરે, ખળ ખોળેરે ખૂટલ ખોટાં ખાનાં. તો૦
છે લાગી તૃષા ન જેનેરે, જળ ફોકટનું છે તેનેરે.
મુરખાઓ આપે એનેરે, દેનારાંરે હાંસી પાત્ર થનારાં. તો૦
પારસમણિ પથ્થર પટકેરે હાથે કરી ઉંધા લટકેરે;
જે સાણુસડેથી છટકેરે, સમજાવેરે રામ શીખે ન દિવાનાં. તો૦

રાગ ભૈરવ.

ભવ રોગ તણી હરિ નામ દવા, નામ દવા પ્રભુ નામ દવા. ટેક.
માંદા મનને સુધરવાની, સતસંગત એ શુભ્ર હવા. ભ૦
સદ્ગુરૂ વૈદજ શોધી સાચો, ઔષધ ખાવું શાંતિ થવા. ભ૦
વિષય વાસના કરવી કયારે, આશ ન કરવી પાસ જવા, ભ૦
તો મણિરામ સુનામ પ્રતાપે, ભાગે રોગ ન થાય નવા. ભ૦

મેં તો પકડી આંબલીયાની ડાળરે, એ રાગનાં પદો.

સખી હું તો ઝડપી સદ્‌ગુરૂજીની સાનરે પ્રપંચ પારે નીકળી રે જી. ટેક.
કમલાસન કરી ધ્યાન ધરંતાં,
મન મારૂં કરતું તોફાનરે, મટી ગયું છે ટીખળી રે જી. સ૦
મન શમી જાતાં સહજ સ્વભાવે,
સખી ! મારૂં દેહનું અભિમાન રે, ગયું છે સાન ગીગળી રે જી. સ૦
ગગન વિના ઘન ગાજે વરસે,
અમૃત એલીના સમાન રે, ઝબુકે ઝાઝી વીજળી રે જી. સ૦
બ્રહ્મ પયોનિધિ બૂડી રામે,
મણિમય ભાન કે અભાને રે, રહીશું પદમાં હું ઢળી રે જી. સ૦

ચાલી હું ભક્તિ ભાલું લઇને હાથ રે, પરમ પંથે પાધરી રે જી. ટેક.
જ્ઞાન તુરી જીન જરણા ધરીયું,
ઘાલી વિરાગની લગામ રે, મુસાફરી મેં આદરી રે જી. ચા.
શમદમ સાચે પેઘડે પગ દઇ,
ઘોડલે થઇને આરૂઢરે, કરેલી ખેપુ આકરી રે જી. ચા.
સંત સુજાણુનો સાથજ લીધો,
શ્રદ્ધા સાત્વિકી સાર રે, જમણ કાજે ભાખરી રે જી. ચા.
રામ મણિમય રક્કો લઇને,
કાળની સામે ધરાર રે, હરિ ! હા ! બાંધી બાકરી રે જી. ચા.

હું તો સુતીશું શામળિયાની સંગરે, ઉપર નીચે શામળો રે જી. ટેક.
જાગીને જોઉં જીવન જાગ્રત દેખું,
સુતાં મારી સોડમાં સમાય રે, ઓઢીને કાળો કામળો રે જી. હું.
વેણે વ્હાલને નેહજ નેણે,

દરશાવીને ત્રાડે ખાસ રે, મલીન મનજો આંમળો રે જી. હું.
જ્યાં જ્યાં દૃષ્ટિ પડતી ર્યાં ત્યાં,
રંગભર રમતો રસાળ રે, રસીકવર ઉછાંછળો રે જી. હું.
રામ મણિ રસ રૂપ રમતમાં,
ભેદાભેદના ભળાય રે, ન જીવ થા ઉતાવળો રે જી. હું.

મેં તો માણ્યો વૃંદાવન રાસ રે, અમર વરને હું વરી રે જી. ટેક.
સહુ સખી મંડળમાં હું સમાણી,
જલનિધિ નદીઓ સમાય રે, અકળ વરને હું વરી રે જી. મેં.
અમ લખ માટે એ લખ થઇને,
વ્રજ આવેલો વ્રજ રાજ રે, અલક્ષ વરને હું વરી રે જી. મે.
મુંગે સાકર ખાધી એવો,
સ્વાદ પરા કરી પાર રે, અટલ વરને હું વરી રે જી. મે.
રામ મણિ પરમાનંદે હા !
બૂડી બ્રહ્મ વિલાસ રે અચળ વરને હું વરી રે જી. મેં.

મેં તો સાધુ જાણુ ભેદુ લીધા સાથ રે સુગમ લીધી વાટડી રે જી. ટેક.
માયા કુટુંબો મારી નાંખ્યા,
માન મોહ મદ મત્સર માર રે, બાંધીને એની ઠાઠડી રે જી. મેં૦
વેદ પુરાણ ગિરિ પુનિતે ગોતી,
હરિગુણ રત્નોની ખાણરે, હરિવરની હાટડી રે જી. મેં.
જ્ઞાન વિરાગની આંખ ઉઘાડી,
સુમતિ કોદાળી ગ્રહી મેં હાથ રે, ઓઢીને પ્રેમી ધાટડી રે જી. મેં.
રામ મણિ મળ્યો ખણતાં પ્રેમે;
ગાઉં ગુણ ગણુ ગરવી ગાથ રે, બનીને બ્રહ્મ ભાટડી રે જી. મેં,

ગઝલ બુલબુલ.

સખી ! સુણુ વાંચનાદિમાં, રૂદનને યાચનાદિમાં,
અરે ! રે ! દીન વૃત્તિમાં, સમાયેલી નથી ભક્તિ.
અનિર્વચનીય જ્યાં સમતા, નહિં જ્યાં દેહની મમતા,
રમણુમાં રામ જ્યાં રમતા, સમાયેલી દીઠી ભક્તિ.
ઝલક જ્યાં આત્મની ઝલકે, કડક વૈરાગ્ય જ્યાં ખલકે;
નયનમાં નૂર જ્યાં છલકે, સમાયેલી દીઠી ભક્તિ.
અખંડાનંદમાં ન્હાતાં, પદાર્થો દશ્ય જે થાતાં;
દિદારો રામનાં થાતાં, સમાયેલી દીઠી ભક્તિ.
ન હું તું છે જુદાં પણુ તે, કહે છે રામ સ્વામી એ,
મિલન મણિરામનું એ છે, સમાયેલી દીઠી ભક્તિ.

સુંદર શામળિયા એ રાગનાં પદો.

ગેલે ગમતા ગુણુ ગણુ ગાશું, ગિરિધર ગોવિંદા. ટેક.
ધીંગાણે ધણી ધીંગો ધારી, ધીમે ધીમે ધાશું. ગિરિ.
પ્રેમ સુધા નિધિ પરખી પ્રૌઢા, સાચે સ્નેહે ન્હાશું. ગિરિ.
જીવન જગદાધાર ભજીને, અભય અભેદે થાશું. ગિરિ.
રામમણિ હૃદયે ગ્રહી રાખી, ઝટ જગ જીતીજાશું. ગિરિ.

કાના કરૂણા કયારે કરશો, કેશવ કરૂણાળા. ટેક.
તારી માયામાં બંધાણો, દોષ દિલે નવ ધરશો. કેશ.
રાઘવ ! રઘવાયો થઇ ફરૂં છું, યુગ વિત્યા કઇ વર્ષો. કેશ.
પતિત પુરો તેથી પ્યારા, દેવ દયા ધન વરશો. કેશ.
રામ મણિમય દર્શન દઇને, પોતાનો ગણી સ્પર્શો. કેશ.

બાંધવ બાંહ્ય ગ્રહોને મારી, એલી બિરદાળા. ટેક.
ભટકું ભવ દરિયાની માંહે, ત્રિકમ લેજો તારી. એ.
વાર લગાડો વ્હાલા ! શાને, છે અરજી મુજ જારી. એ.
ગરજી ગણીને ગોવિંદા શું, મેલ્યો સાવ વિસારી. એ.
સામ મણિ આ અવસર છેલ્લો, જાણી ધીરજ ધારી. એ.

રાગ ધન્યાશ્રી.

તારી ઢીલે ઢીલ. દયાળુ, તારી ઢીલે ઢીલ. ટેક.
મારી તો તાકાત મળેના, પકડી શકુંના ખીલ. દયાળુ૦
સૌ કરવાનું તારે હાથે, તારો હું તો અસીલ. દયાળુ૦
બાપા ! થામાં મારે માટે, હે ! બળવંત ! બખીલ. દયાળુ૦
જીતાવા મમ કેસ કૃપાળુ, થા મણિરામ વકીલ. દયાળુ૦

પદ રાગ ગઝલ એક તીર ફેંકતા જા.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ।।ૐ।। શાંતિઃ શાંતિઃ શાંતિઃ ટેક.
સ્વાત્મા વિવર્ત રૂપે, આ વિશ્વ સૌ અનૂપે,
મદ મુક ઝેર વાન્તિ. ૐ૦
સંભારીને સ્વરૂપે, વસવું સદાય ચૂપે,
નથી અન્ય છોડ ભ્રાંતિ. ૐ૦
તું એકમાં અનેકો, ભાસે વૃથા ન છેકો,
ના નાતિ જાતિ પાંતિ. ૐ૦
મણિરામ અદ્વયે છે, વિલસે પ્રભાવડે તે,
નિજ જ્યોત્તિ શુભ્ર કાંતિ. ૐ૦

।। ૐ ।।

રાગ કલાપીનો સહીયારીનો.

પિતા તખ્તના ત્યાગી રઝળું, ઝટ પાછો વળ ભૂલ કબૂલી,
વળ ! વળ! તારો માર્ગ અરે, એ, સ્વર્ગ ભણી ના જાતો જડથા !
પ્રિય ! ફર પાછો તારાં પાપો, માફ થશે સૌ સાચું કહું છું.
ફર, તારી તારીફનાં ગીતો, દેવ દુતોનાં સંગીતોમાં,
મિશ્ર થવા દે; મૂક પલીતો, ઐહિક આશા વનમાં અંધા;
બહુ રઝળ્યો હારી થાકીને, મમ વાંસે વાંસે આવીજા,
બાપુડા ! બાલુડા ! તારે કાજે, નિત્યાનંદ અહિં છે;
રામ મણિ સુંદરતા જો જો, મમ વાંસે વાંસે આવીજા.

રાગ—શું રે કરું લાલ મારું.

કોને કહું સંત ! પ્યારા ! કાળજુ કોરાયલ વ્હાલા !
દિલડું ચીરાયલ વ્હાલા. કોને કહું. ટેક.
દિલડાની દાઝુ મારી દીલમાં દબાય,
કુવા કેરી છાંયડી તે કુવામાં સમાય. વ્હાલા, કોને.
ગતિ જાણે ઘાયલના તે, ઘાયલ જે હોય,
સુઝે ન અબૂઝ જેને, વાગી નથી સોય. વ્હાલા, કોને.
પ્રસુતાની પીડાકારી, ન કો જાણનાર,
વાતુ કરે વંધ્યા તેને જાણનાર લગાર. વ્હાલા, કોને.
મણિ કણિ અણિએ જેનાં, વિંધાયેલાં ચિત્ત,
રામની રસાયણ રૂડી, સમજે સ્વહિત. વ્હાલા, કોને.